# દરિયાઈ માછલીના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ

## ગતિશીલ ગુજરાતનો ફરી એકવાર ડંકો વાગ્યો : છેલ્લા ૪ વર્ષોમાં ગુજરાતમાં સરેરાશ વાર્ષિક ૮.૫ લાખ મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન

ગાંધીનગર, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બ્લૂ ઈકોનોમીને સતત પ્રોત્સાહન અને ગુજરાત સરકારની વિવિધ પ્રોત્સાહક નીતિઓના કારણે ગુજરાતમાં માછલીઓનું ઉત્પાદન સતત વધી રહ્યું છે અને માછીમારો દિવસેને દિવસે સમૃદ્ધ થઈ રહ્યા છે. રાજ્યમાં આ બ્લૂ ઈકોનોમી તેમજ માછીમારોને વધુ પ્રોત્સાહિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યમાં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરી રહી છે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ દર વર્ષે ૧૦ જૂલાઈના રોજ ઉજવવામાં આવે છે અને દેશના દરિયાકાંઠો ધરાવતા રાજ્યો આની ઉજવણી કરે છે. ગુજરાતમાં આ વર્ષે ૧૦ જૂલાઈના રોજ વેરાવળમાં અને ૧૧ જૂલાઈના રોજ પોરબંદર, જાફરાબાદ, માંગરોળ અને ઓખામાં આ દિવસની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંબંધિત મોર્ડન ટેકનોલોજી વિશે માછીમારોને જાણકારી આપવામાં આવશે.

રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણીના કેટલાક દિવસ પહેલાના આંકડાઓ પરથી જાણકારી મળે છે કે ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ સ્થાને છે, જ્યારે અન્ય તમામ પ્રકારના સ્ત્રોતોમાંથી થતા કુલ માછલીના ઉત્પાદનમાં દેશમાં પાંચમા સ્થાન પર છે. છેલ્લા ૪ વર્ષોની વાત કરીએ તો ગુજરાતમાં કુલ માછલીના ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ લગભગ ૮.૫ લાખ મેટ્રિક ટન રહ્યો છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યમાં પ્રોવિઝનલ દરિયાઈ માછલીનું ઉત્પાદન ૬,૯૭,૧૫૧ મેટ્રિક ટન, જ્યારે આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૦૭,૦૭૮ મેટ્રિક ટન રહેવાની સંભાવના છે. આ રીતે, વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૯,૦૪,૨૨૯ મેટ્રિક ટન રહેવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિમીનો દરિયાકિનારો છે, જેનો સીધો લાભ અહીંના માછીમારો અને મત્સ્ય ઉદ્યોગને થાય છે.

ગુજરાત સરકારની સકારાત્મક અને પ્રોત્સાહક નીતિઓનો સીધો લાભ માછીમારોની આવકમાં જોવા મળી રહ્યો છે. છેલ્લા ૪ વર્ષોમાં માછીમારોની આવકમાં લગભગ દોઢગણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૮માં માછીમારોની આવક પરિવારદીઠ વાર્ષિક રૂ.૬.૫૬ લાખ હતી, જે હવે વધીને પરિવારદીઠ વાર્ષિક રૂ.૧૦.૮૯ લાખ થઈ ગઈ છે. નવીનતમ આંકડાઓ મુજબ, માછીમારોની આવકમાં વર્ષદીઠ આ રીતે વધારો થયો છે, વર્ષ ૨૦૧૮માં પરિવારદીઠ વાર્ષિક રૂ.૬.૫૬ લાખ, વર્ષ ૨૦૧૯માં રૂ.૬.૮૦ લાખ, વર્ષ ૨૦૨૦માં રૂ.૭.૩૯ લાખ, વર્ષ ૨૦૨૧માં રૂ.૮.૫૧ લાખ અને વર્ષ ૨૦૨૨માં રૂ.૧૦.૮૯ લાખ થઈ છે.

# મોરબીમાં ધસમસતા પાણીમાં કાર તણાઈ

મોરબી, તા.૯

મોરબી જિલ્લાના પાંચ પૈકીના ચાર તાલુકામાં ભારે વરસાદ તૂટી પડ્યો હતો. મોરબીના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે જેથી કરીને લોકોને પારાવાર મુશ્કેલીમાં સામનો કરવો પડી રહ્યો છે. આવામાં મોરબીમાં પાવડિયારી પાસે પાણીમાં કાર ફસાઈ હતી. નાળાના ધસમસતા પ્રવાહમાં કાર ફસાઈ હતી. જેથી કારમાં બેઠેલા બે યુવાનોના જીવ પડીકે બંધાયા હતા. આ બાદ સ્થાનિકોએ બંનેનું દોરડાથી રેસ્ક્યૂ કર્યુ હતું. કારને બહાર કાઢવાના પ્રયાસો કરાયા હતા.



મોરબી નજીકના ઘોડાધ્રોઈ ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. ઘોડાધ્રોઈ ડેમનો એક દરવાજો ૦.૫ ફૂટ ખોલવામાં આવ્યો છે. ૩૫૨.૪૪ પાણીની આવક સામે ૧૧૪૧ ક્યુસેક પાણીની જાવક ચાલુ છે. મોરબી તાલુકાના ચાર અને માળિયા તાલુકાના પાંચ કુલ નવ ગામોને એલર્ટ કરાયા છે. મોરબીના જેતપર રોડ ઉપર ડાયવર્જન ધોવાઈ જતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



રવિવારે પણ અમદાવાદના ઘણા વિસ્તારમાં વરસાદ થયો હતો.

# આગામી ૨૪ કલાક રાજ્યમાં મેઘ મહેર રહેશે

## અમદાવાદમાં ભારે વરસાદની આગાહી : આ પછી સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઘટી જશે અને સમય જતા ગુજરાતના અન્ય ભાગોમાંથી વરસાદ વિરામ લેશે

અમદાવાદ, તા.૯

આગામી ચારથી પાંચ દિવસ સુધી ગુજરાતમાં વરસાદ રહેવાની આગાહી છે, હવામાન વિભાગે કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની પણ સંભાવના વ્યકત કરી છે. અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ સમગ્ર ગુજરાતમાં વરસાદ થવાની આગાહી થવાની સંભાવના વ્યક્ત કરી છે.

ડૉ. મોહંતીએ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ આગામી દિવસોમાં પણ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, ૨૪ કલાકમાં સમગ્ર ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ રહેશે. આ સાથે કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ સિવાય કચ્છ, મોરબી અને સુરેન્દ્રનગરમાં પણ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. આ સિવાય કેટલાક ભાગોમાં આજે ભારે વરસાદ થવાની પણ શક્યતાઓ છે. ૧૦મી જુલાઈના રાજ્યના હવામાન અંગે આગાહી કરીને ડૉ. મોહંતીએ જણાવ્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદનું જોર ઘટી જશે, પરંતુ રાજ્યના અન્ય ભાગોમાં એકાદ જગ્યા પર ભારે વરસાદ રહેવાની શક્યતાઓ છે પરંતુ હળવો વરસાદ રહી શકે છે. આ પછી સમગ્ર ગુજરાતમાં વરસાદનું જોર ઘટવાની સંભાવનાઓ છે. ૧૧ જુલાઈથી વરસાદમાં મોટો ઘટાડો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

જોકે, સૌરાષ્ટ્ર સિવાયના એકાદ ભાગમાં ભારે વરસાદ થવાની સંભાવાનાઓ છે. ૧૨મી તારીખથી વરસાદ સાવ ઘટી જશે અને અમુક જગ્યાઓ પર હળવાથી સામાન્ય વરસાદ રહી શકે છે.

૧૧ જુલાઈથી વરસાદમાં મોટો ઘટાડો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૯

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ - ગાંધીનગર જિલ્લા દ્વારા તા. ૦૮ને શનિવારના રોજ જિલ્લા કક્ષાના ગુરૂ વંદના કાર્યક્રમ અને સામાન્ય








સભા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુવંદના કાર્યક્રમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગરના પ્રાચાર્ય ડો. હિતેશભાઈ દવેના અધ્યક્ષ અને મુખ્ય વકતા પદે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ ગાંધીનગરના અધિકારીશ્રી, જિલ્લાના ત્રણ તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સુધાબેન પટેલ- ગાંધીનગર, જીતેન્દ્રભાઈ મોદી- દહેગામ અને ધર્મેન્દ્રસિંહ રાઠોડ- કલોલ, રાજ્ય સહ સંગઠન મંત્રી પરેશભાઈ, જિલ્લા અધ્યક્ષ હર્ષદભાઈ, મહામંત્રી સંજયભાઈ, સંગઠન મંત્રી હસમુખભાઈ, માર્ગદર્શક મેરાજભાઈ રબારી, સાથે સાથે જિલ્લામાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તા બંધુ ભગિની ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરુઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી બાદમાં RSSના ગાંધીનગર વિભાગ પ્રચારક ચિરાગભાઈ પટેલ દ્વારા સંઘની કાર્યપ્રણાલી બાબતે રસપ્રદ વાત રજુ કરવામાં આવી, ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સુધાબેન પટેલે દૃષ્ટાંત દ્વારા ભારતીય સમાજમાં ગુરુના મહત્વ અંગેની વાત રજુ કરી, ગુરૂ ગૌરવના કાર્યક્રમને અનુલક્ષીને મુખ્ય વક્તા ડો. હિતેષભાઈ દવે દ્વારા ભારતીય સંસ્કૃતિની ગુરુ પરંપરા અને નવી શિક્ષણ નીતિની સફળતા માટે ગુરુજનોની જવાબદારી બાબતે ખુબ સુંદર વાત રજુ કરવામાં આવી.

# ગીર સોમનાથમાં નદીમાં ફસાયેલા બે યુવકોના મોત

## જિલ્લાના ગીરગઢડા હડમતિયા ગામમાં શાંગવાડી નદી પરના પુલને શોધવાના પ્રયાસમાં ત્રણ યુવકો ફસાયા હતા

ગીર સોમનાથ, તા.૯

ગીર સોમનાથમાં નદીમાં ડૂબી જવાથી બે યુવકોના મોત થયા છે. જિલ્લાના ગીરગઢડા હડમતિયા ગામમાં શાંગવાડી નદી પરના પુલને શોધવાના પ્રયાસમાં ત્રણ યુવકો ફસાયા હતા. જેમાં એક યુવકનો આબાદ બચાવ થયો હતો. જ્યારે બે યુવકો નદીમાં ફસાઈ જતાં તણાઈ ગયા હતા. એક યુવકનો મૃતદેહ ૮મી જુલાઈના રોજ મળી આવ્યો હતો અને બીજા યુવકનો મૃતદેહ આજે ૯મી જુલાઈએ સવારે મળ્યો હતો. ગીર સોમાનાથમાં અવિરત વરસાદથી નદીમાં વધુ પાણી આવી ગયા છે. જેના કારણે યુવક ફસાઈ ગયો હતો. આ ઘટનામાં જયપાલભાઈ કાળુભાઈ ઘાસિયા અને સંજયભાઈ બારિયાનું મોત થયું હતું. જ્યારે નાનુભાઈ ભાણાભાઈ વાઘેલાનો આબાદ બચાવ થયો હતો. આજે સવારે બે યુવાનો પૈકી વધુ એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. આ યુવકનો મૃતદેહ નદીમાં એક કિલો મીટર દૂરથી મળી આવ્યો છે. ગઈકાલ સાંજના એક યુવાન નો મૃતદેહ મળ્યો હતો. જયારે આજે એક યુવાન નો મૃતદેહ મળી આવ્યો છે.

ગીર સોમાનાથમાં અવિરત વરસાદથી નદીઓ બે કાંઠે વહી રહી છે તેમજ ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ બેટમાં ફેરવાયા છે. તો પાણી ભરાવાને લઈ જાનમાલને પણ નુકસાન પહોંચ્યું છે.

# ખંભાળિયામાં બે કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો

દ્વારકા, તા.૯

ખંભાળિયામાં બે કલાકમાં ખાબકેલા ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. જેના લીધે જનજીવન પ્રભાવિત થયો છે. ભારે વરસાદને પગેલ ખંભાળિયા શહેરના રામનાથ સોસાયટીમાં પાણી ભરાયા છે. ખંભાળિયા શહેરને જોડતા મુખ્ય માર્ગ પર પાણી ફરી વળ્યા છે. ચારે તરફ પાણી ફરી વળતા રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા પર પાણી ભરાતા અનેક વાહનો અટવાયા છે.

વરસાદના બીજી રાઉન્ડમાં સર્વત્ર વરસાદ જોવા મળી રહ્યો છે. આવામાં છેલ્લા ૮ કલાકમાં ૧૯૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સાંતલપુરમાં ૬, અબડાસામાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ખંભાળિયા,રાપરમાં ૩-૩ ઈંચ વરસાદ, ચોટિલા-માંગરોળમાં ૨.૫ ઈંચ વરસાદ, મોરબી અને કેશોદમાં ૨-૨ ઈંચ વરસાદ,



જ્યારે ૩૫ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ખેડાના નડિયાદમાં શ્રેયસ ગરનાળામાં પાણી ભરાઈ જતાં કાર ફસાઈ હતી. સ્થાનિકોએ ધક્કો મારીને કારને બહાર પાણીમાંથી નીકાળી હતી. ગરનાળામાં પાણી ભરાઈ જતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ, સાબરકાંઠા જિલ્લામાં મેઘમહેર જોવા મળી રહી છે. વડાલી, ખેડબ્રહ્મામાં ભારે વરસાદ શરુ થયો છે. વરસાદને કારણે રોડ રસ્તાઓ પર વરસાદી પાણી ભરાયા છે. નીચાણવાળા વિસ્તારો પાણી પાણી થયા છે. જ્યારે વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વાસણા બેરેજના નવ દરવાજા ખોલાયા માતર તાલુકાના કાંઠાના ગામો એલર્ટ

અમદાવાદ, તા.૯

અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યા બાદ ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે.

ભારે વરસાદની આગાહી દરમિયાન અમદાવાદમાં પણ છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ છે. અહીં વાસણા બેરેજના ૯ દરવાજા ખોલાતા ખેડા અને માતર તાલુકાના કાંઠાના ગામને કરાયા એલર્ટ કરવામાં આવ્યાં છે.

એક સાથે ત્રણ સિસ્ટમ એક્ટિવ થતા રાજ્યમાં આગામી ૪૮ કલાક ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ભરૂચ, તો દક્ષિણ ગુજરાતના સુરત નવસારી, વલસાડ તો સૌરાષ્ટ્રના જામનગર, દ્વારકા, મોરબી, પોરબંદર અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ગુજરાતભરમાં એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમ એક્ટિવ થતાં રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદમાં પણ છૂટછવાયો સામાન્યથી હળવો વરસાદ વરસી રહ્યો છે. વરસાદના પગલે પાણીની સતત આવકના કારણે વાસણા બેરેજના ૯ દરવાજા ખોલવામાં આવ્યા છે અને ૨૫ હજાર ૨૬૩ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. વાસણા બેરેજના ૯ દરવાજા ખોલાતા ખેડા અને માતર તાલુકાના કાંઠાના ગામને કરાયા એલર્ટ કરવામાં આવ્યાં છે. નાની કલોલી, મોટી કલોલી, રઢુ ગામ સહિત રસિકપુરા,પથાપુરા,નાયકા અને નવાગામ, ચલીન્દ્રા સહિતના અનેક ગામ એલર્ટ કરવામાં આવ્યાં છે.

# ૧૨ કલાકમાં ૨૩૧ તાલુકામાં વરસાદ

અમદાવાદ, તા.૯

રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદની સ્થિતિ છે. હાલ વરસાદે રાજ્યભરમાં જમાવટ કરી છે. રાજ્યમાં હાલ એક સાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય છે. જેના પગલે સતત ગુજરાતમાં સામાન્યથી ભારે વરસાદ પડી રહ્યો છે. તાજેતરના હવામાન વિભાગે હજું આગામી ૨૪ કલાક ગુજરાતમાં વરસાદની આગાહી કરી છે.

ગુજરાતમાં અનરાધાર વરસાદની આગાહી વચ્ચે છેલ્લા ૧૨ કલાકમાં ૨૩૧ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ પાટણના સાંતલપુરમાં સૌથી વધુ ૬-૫ ઈંચ વરસાદ, રાજકોટના કોટડા સાંગાણીમાં છ ઈંચ વરસાદ ખાબકયો છે, જ્યારે કચ્છના અબડાસમા પાંચ ઈંચ વરસાદ, દ્વારકાના ખંભાળિયામાં પણ દે ધનાધન પાંચ ઈંચ વરસાદ, રાજકોટના ઉપલેટામાં પણ પાંચ ઈંચ, જુનાગઢના વંથલીમાં ચાર ઈંચ વરસાદ, રાજકોટના ગોંડલમાં ૩.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. સવારથી જ પાટણ વિસ્તારમાં મેઘમહેર જોવા મળી રહી છે. પાટણના સાંતલપુરમાં સ્થિતિ વધુ ખરાબ જોવા મળી રહી છે. સાંતલપુર તાલુકામાં વહેલી સવારથી મેઘમહેર થતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. સમગ્ર તાલુકામાં સાર્વત્રિક વરસાદ પડી રહ્યો છે. સાંતલપુરમાં છેલ્લા ૬ કલાકમાં ૬ ઈંચ વરસાદ ખાબકતા જ્યા જુઓ ત્યા પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. જો હજુ લાંબો સમય વરસાદ યથાવત રહેશે તો સ્થિતિ વણસી શકે છે.

ભારે વરસાદથી નીચાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. વારાહી પંથકમાં નીચાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. વારાહીના કાદીસરા તળાવ વિસ્તારમાં પાણી ભરાયા છે. તળાવનું પાણી બેક મારતા લોકોના ઘરો સુધી પાણી પહોચ્યું છે. હજુ પણ ધીમીધારે અવિરત વરસાદ યથાવત છે. રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારોમાં

હજી પણ રાત સુધીમાં ભારે વરસાદ પડે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. તો બીજી તરફ જિલ્લામાં સૌથી વધુ ગોંડલ તાલુકામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ગોંડલ તાલુકાના અનેક ગામડાઓમાં ધોધમાર વરસાદ પડ્યો છે.

## વિક્રમી વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે દિલ્હીના તમામ મંત્રીઓ અને મેયર સમસ્યાવાળા વિસ્તારોનું નિરીક્ષણ કરશે. તમામ વિભાગના અધિકારીઓને રવિવારની રજા રદ કરીને મેદાનમાં ઉતરવા સૂચના આપવામાં આવી છે.

શ્રીનિવાસપુરીમાં શાળાની દિવાલ ધરાશાયી થઈ છે. દિલ્હીને અડીને આવેલ ગુડગાંવ અને નજીકના અંડરપાસ પણ પાણીમાં ડૂબી ગયા છે.

હવામાન વિભાગે દિલ્હીમાં મધ્યમ વરસાદની આગાહી કરતા 'યલો એલર્ટ' જાહેર કર્યું છે. આગામી બે દિવસ સતત વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો, રિજ, લોધી રોડ અને દિલ્હી યુનિવર્સિટીના હવામાન કેન્દ્રો પર અનુક્રમે ૧૩૪.૫ મીમી, ૧૨૩.૪ મીમી અને ૧૧૮ મીમી વરસાદ નોંધવામાં આવ્યો હતો.

ભારે વરસાદને કારણે શહેરના અનેક મેદાનો, અંડરપાસ, બજારો અને હોસ્પિટલ પરિસરમાં પણ પાણી ભરાઈ ગયા હતા અને રસ્તાઓ ભારે જામ થઈ ગયા હતા.

શેરીઓમાં ઘૂંટણ સુધીના પાણીમાંથી પસાર થતા લોકોના ચિત્રો અને વીડિયો સોશિયલ મીડિયા ફોરમ પર વાયરલ થયા હતા, જે શહેરના ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે અનેક પ્રશ્નો ઉભા કરે છે. તે જ સમયે, ભારે પવન અને વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં વીજળી અને ઈન્ટરનેટ સેવાઓ પણ પ્રભાવિત થઈ જવા પામી હતી.

## આર્મીમાં પ્રવેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે ક્વોલિટી સાથે કોમ્પ્રોમાઈઝ કરવા માગતા નથી. ૫૦ ટકા અગ્નિવીરોને પરમેનન્ટ કરવા સિવાય આર્મીએ સરકાર સામે એ પણ પ્રસ્તાવ રાખ્યો છે કે અગ્નિવીરોની ભરતી ઝડપી બનાવાય. એટલે કે એક વર્ષમાં ભરતી માટે જે નંબર નક્કી કરાયો હતો તેમાં વધારો કરાય. જેના કારણે આર્મીમાં સૈનિકોની જે અછત છે વેકેન્સી છે તેને પૂરી કરી શકાય.

કોવિડના કારણે ૨ વર્ષ સુધી આર્મીમાં ભરતી નહોતી કરવામાં આવી. જ્યારે આની પહેલા દર વર્ષે લગભગ ૮૦ હજાર સૈનિકોની ભરતી થતી હતી. આનાથી સેનાથી નિવૃત્ત થયેલા અને સેનામાં ભરતી થયેલા સૈનિકોની સંખ્યામાં બેલેન્સ બનેલું રહેતું હતું. ગત વર્ષે જ્યારે અગ્નિપથ સ્કીમ હેઠળ અગ્નિવીરોની ભરતી કરાઈ તો પહેલા વર્ષે ૪૦ હજાર અગ્નિવીરોની ભરતી થઈ હતી. ત્યારપછી ધીરે ધીરે આ નંબર વધતો ગયો અને વર્ષ ૨૦૨૬ સુધી કુલ ૧ લાખ ૭૫ હજાર અગ્નિવીરોની ભરતી સેનામાં થવાની છે. જ્યારે અત્યારે આર્મીમાં લગભગ દોઢ લાખ સૈનિકોની અછત છે અને દર વર્ષે સૈનિક નિવૃત્ત પણ થતા રહે છે.

સેના અગ્નિવીરોની ભરતીમાં ટેકનિકલ ભરતી માટેની મહત્તમ ઉંમર ૨૧ વર્ષથી વધારીને ૨૩ વર્ષ કરવા પર પણ વિચાર કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેના એવા યુવાનોની ભરતી કરી રહી છે. જેમણે તેમાં આઈટીઆઈ અને ટેકનિકલ કોર્સ કર્યા છે અને વય મર્યાદા ૨૧ વર્ષની હોવાથી બહુ વિકલ્પો ઉપલબ્ધ નથી. તેથી તેને વધારી શકાય છે. અગ્નિપથ યોજના પહેલા પણ જ્યારે સૈનિકોની ટેકનિકલ ભરતી કરવામાં આવતી હતી, ત્યારે મહત્તમ વય મર્યાદા ૨૩ વર્ષની હતી. અગ્નિપથ યોજનામાં આ ઘટાડો કરવામાં આવ્યો હતો.

## ભગવા રંગમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખવામાં આવ્યા છે. ૨૮માં રેકમાં પરિક્ષણના ભાગરૂપે ટ્રેનના રંગને બદલવામાં આવ્યો છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઈંટીગ્રલ કોચ ફેક્ટરીનું નિરીક્ષણ કર્યુ હતુ. આ દરમિયાન દક્ષિણ રેલવેમાં સુરક્ષાના ઉપાયો અને વંદેભારત એક્સપ્રેસની સુધારાની સમીક્ષા કરી હતી. ટ્રેનના નિરીક્ષણ બાદ કેન્દ્રીય રેલવે મંત્રીએ કહ્યુ હતુ કે, સ્વદેશી ટ્રેનના ૨૮માં રેકના રંગને બદલવામાં આવ્યો છે. આ નવો રંગ ભારતીય તિરંગાથી પ્રેરિત છે. મંત્રીજીએ વધુમાં કહ્યુ કે, વંદેભારત એક્સપ્રેસ ટ્રેનમાં અત્યાર સુધી ૨૫ સુધારા કરવામાં આવ્યા છે. આ ટ્રેન મેક ઈન ઈન્ડિયામાં બનાવવામાં આવી છે. ભારતીય એન્જિનિયરો અને ટેક્નીશિયનો દ્વારા આ ટ્રેનને ડિઝાઈન કરવામાં આવી છે. આ કારણે મુસાફરો વંદેભારત ટ્રેન અંગે ફીડબેક આપી રહ્યા છે.અમે તમામ ફીડબેકને ધ્યાને રાખીને સુધારા વધારા કરી રહ્યા છીએ.

નવી સુરક્ષા વ્યવસ્થા, એન્ટી ફ્લાઈબર્સ અથવા તો એન્ટી ફ્લાઈંબિંગ ડિવાઈસ પર કામ ચાલુ છે. રેલવે મંત્રી દ્વારા આ અંગેની સમીક્ષા પણ કરવામાં આવી હતી. શુક્રવારે પ્રધાનમંત્રી નરેન્દ્રએ ઉત્તરપ્રદેશના ગોરખપુર સ્ટેશન પરથી વંદેભારત એક્સપ્રેસના બે નવા રૂટનો પ્રારંભ કરાવ્યો. જેમાં ગોરખપુર-લખનૌ અને જોધપુર સાબરમતીની ટ્રેનને પ્રધાનમંત્રીએ લીલીઝંડી બતાવી હતી મહત્વનું છે કે ભારતની સેમી-હાઈ-સ્પીડ ટ્રેન સેટ હવે દેશભરના તમામ રેલ-ઈલેક્ટ્રીફાઈડ રાજ્યોમાં તેની સેવાઓ પૂરી પાડે છે. ૫૦ સેવાઓના સંચાલન સાથે વંદે ભારત એક્સપ્રેસે ટ્રેને મુસાફરીમાં ક્રાંતિ કરી છે, અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડી છે અને મુફરો માટે મુસાફરીનો સમય ઘટાડ્યો છે.

## ભૂલીને જતા રહ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પછી પત્ની અને બાળકો સાથે સૂઈ ગયા હતા. તેમણે નાની દીકરી વિશે એકબીજા પાસેથી જાણકારી લીધી નહોતી. જેના કારણે ૧૮ મહિનાની બાળકી ભૂલથી જ કારની અંદર રહી ગઈ હતી અને તેનું મોત નીપજ્યું હતું.

બાળકના મોત બાદ સ્થાનિક તંત્રએ તેના પેરેન્ટ્સ પર હત્યાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પેરેન્ટ્સને પોતાના બાળકના મોતના સમાચાર સવારે ૧૧ વાગ્યે મળ્યા હતા. એક દીકરાને બેડરુમમાં જોવા મોકલ્યો તો બાળકી ઘરમાં હાજર નહોતી. એ પછી તેની શોધખોળ કરતા બહાર જઈને કારમાં જોયું તો તે અંદર હતી. એ પછી તરત જ ડૉક્ટરને પણ બોલાવવામાં આવ્યો હતો. પરંતુ તેઓએ બાળકને મૃત જાહેર કર્યુ હતુ. બાદમાં આ વાતની જાણકારી પોલીસને આપવામાં આવી હતી. પોલીસે માતા-પિતા વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.